# ડુંઘરવાડામાં વીસ લાખ લીટરની પાણીની ટાંકી શોભાના ગાંઠીયારુપ

## રૂા. ૪૪ કરોડના ખર્ચે તૈયાર થયેલી યોજનામાં ૨ વર્ષથી પાણીનું ટીપુંય ભરાયું ન હોવાનો આરોપ

બાયડ બ્યુરો ઓફિસ) તા.૧૨
મોડાસા તાલુકાના ડુઘરવાડામાં ગ્રામજનોને પીવાનું શુદ્ધ પાણી આપવાના આશય સાથે એસ.કે.-૨-બી. યોજના હેઠળ ૩ ૪૪,૧૬,૭૭, ૫૮ના ખર્ચે યોજના તૈય પર થઈ પરંતુ સરકારના પૈસા પાણીમાં વેડફાયા જેવી સ્થિતિ છે. ૨ વર્ષથી ટાંકીમાં પાણીનું ટીપું પણ ઠલવાયું ન હોવાનો ભાજપના મહિલા પદાધિકારીએ આરોપ લગાવ્યો છે.

### વર્ષ-૨૦૧૫માં યોજનાનો પાયો નંખાયો

મળેલી વિગતો અનુસાર શીણાવાડ-ઘરવાડા આર.ડબલ્યુ.એસ.એસ. યોજનાને એસ.કે.-૨ પાર્ટ-૨-બી હેઠળ આવરી લઈ ૪૪.૧ કરોડની ફાળવણી કરી મે -૨૦૧૫માં યોજનાનો પાયો નંખાયો હતો. જ્યારે આર.સી.સી.યુ.જી.સંપ ૨૦ લાખ લીટર પાણીની કેપેસીટી અને ૧૮ ગામડાઓને તેનો લાભ મળે તેવી યોજના હતી પ રંતુ ડુઘરવાડાના લોકોને જ કરોડો રૂપિયાની યોજના છતાં પીવાનું પાણી નસીબ થયું ન હોવાનો આરોપ લાગ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા દરેક ગામોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે અને પ્રજા રોગમુક્ત રહે તે માટે પાણી પુરવઠા તેમજ વાસ્મોના સંયુક્ત આયોજનથી પીવાના પાણી ની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. નલ સે જલ યોજના સાથે ઓવરહેડ ટાંકીઓમાં એસ.કે.-૨-બી. યોજનાનું પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. ત્યારે મોડાસાના ડુંઘરવાડામાં આવેલ વોટર વર્કસની તૈયાર ટાંકી ભરવામાં



આવતી ન હોવાથી ગ્રામજનોને પાણીની હાલાકી વેઠવી પડે છે. ગામમાં એકમાત્ર વોટર વર્કસનો કૂવો સાકરી નદ નિ કિનારે આવેલો છે જેમાં હાલ પાણી પીવા લાયક નથી કારણ કે નદીમાં મોડાસાની કેટલીક સોસાયટીઓ તેમજ સરકારી વસાહતનું ગંદુ પાણી નદીમાં ઠલવાતાં કૂવાનું પાણી દૂષિત બની રહ્યું છે. ગામના કેટલાક વિસ્તારોના રહીશોને તો પીવાના પાણી માટે મહાદેવ મંદિર તેમજ તળાવ નજીક આવેલ હેન્ડપંપ સુધી દૂર જવું પડતું હોય છે . પાણી પુરવઠા બોર્ડ દ્વારા ડુઘરવાડાની સીમમાં ૨ વર્ષ અગાઉ ટાંકી બનાવી એસ.કે.-૨-બી. યોજનાનું પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું પરંતુ પાણીની લાઈનમાં ભંગાણ પડવાથી ગ્રામજનોને ટાંકી બનાવી છતાં પાણીનો પૂરતો લાભ મળતો ન હોવાથી ગામના મહિલા અગ્રણી દિપીકાબેન ભટ્ટ દ્વારા આ મુદે વિભાગના અધિકારીઓનું ધ્યાન દોરી તાત્કાલિક ધોરણે ગ્રામજનોને પીવાના પાણીનો લાભ આપવા માટે રજૂઆત કરવામાં આવી છે.

### બીજી વ્યવસ્થાથી પાણી મળે છે - ડી.ઈ.

મોડાસા તાલુકાના ડુઘરવાડામાં એસ.કે.-૨ પાર્ટ-બી. હેઠળ પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે ટાંકી તૈયાર કરવામાં આવી પરંતુ હજુ સુધી ડુઘરવાડા ઉપરાંત આ સપાસના ગામોને તેનો લાભ મળી શક્યો નથી. વિભાગના ડી.ઈ. કિર્તીભાઈ પંચાલે જણાવ્યું કે પાઈપલાઈનમાં ભંગાણ મોટી બાબત નથી પરંતુ હાલ ડુઘરવાડાને બીજી ૦ યવસ્થાથી પાણી અપાઈ રહ્યું છે. સરપંચ સાથે વાત થયા મુજબ ટૂંકમાં જ પાણી પહોંચાડવા માટે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

---

જંગલમાં પાણીના સ્રોત સૂકાતાં વન્ય પ્રાણીઓ ભટકતા થયા

# વડાલી નજીક દિપડો કૂવામાં ખાબક્યો, વન વિભાગ દ્વારા રેસ્ક્યૂ કરી બચાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
જિલ્લાના જંગલ વિસ્તારોમાં ભરશિયાળે પાણીના સ્રોત સૂકાતાં વન્ય પ્રાણીઓ ભટકતા થયા છે. ગત રોજ વડાલી તાલુકાના મહોર પાટીયા નજીક પાણીની શોધમાં દિપડો કૂવામાં ખાબક્યો હતો. ખેડૂતે કૂવામાં દિપડાને જોતાં વન વિભાગને જાણ કરી અને કલાકોના રેફ્યુ પછી દિપડાને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો અને જંગલ તરફ રવાના થયાનું જાણવા મળ્યું છે.



સ્થાનિક સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ તાલુકાના મહોર પાટીયા પાસે ખેતરમાં આવેલ કૂવામાં અવાજ સંભળાતો હતો જેથી ખેડૂત ખેતરમાં આવ્યા ત્યારે કૂવામાં નજર કરી તો દિપડા જેવું વન્ય પ્રાણી બચવા માટે મરણીયા પ્રયાસ કરતું હોવાનું જણાઈ આવ્યું. તાત્કાલિક સ્થાનિકો તેમજ વન વિભાગને જાણ કરવામાં આવી અને ગણતરીના કલાકોમાં કૂવામાં ખાબકેલા દિપડાને બચાવવા રેક ચું હાથ ધરવામાં આવ્યું. દિપડો બહાર નિકળ્યા પછી ગમે તે ઘડીએ હુમલો કરે તેવી દહેશત હતી જેથી પૂરતી સાવધાની રાખવામાં આવી. રેફ્યુ ટીમ દ્વારા જહેમત પછી દિપડાને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. કૂવામાં ખાબકેલા દિપડાને નાની-મોટી ઈજા પહોંચ્યાનું પણ જાણવા મળ્યું છે પ રંતુ સારવાર અપાય તે અગાઉ જ જંગલ વિસ્તાર તરફ દિપડો રવાના થઈ ગયો હતો.

### માત્ર ૩૦ મીનીટમાં રેડ્યું - આર. એફ ઓ.

વડાલી આર. એફ.ઓ. નિનામાએ જણાવ્યું કે વડાલી તાલુકાના મહોર ગામના ખેડૂત ધુળાજી શરતાનજી ઠાકોરના ૨૦ ફૂટ ઉડા કૂવામાં દિપડો પડ્યાની જાણકારી મળતાં વન વિભાગની ટીમો જા ની સાથે રેફ્યુ માટે પહોંચ્યા હતા. કૂવો બહું ઉડો ન હોવાથી ૩૦ મીનીટમાં દિપડાને સલામત બહાર કાઢ્યો અને તે જંગલ વિસ્તાર તરફ રવાના થઈ ગયો હતો.

---

કોરોનાનાં ગંભીર પરિણામો દેખાયાં

# જિલ્લામાં ધો. ૩ માં અભ્યાસ કરતા બાળકો પેપર લખતાં રડી પડ્યા

## લખતાં ફાવતું નથી, થાક લાગે છે જેવી ફરિયાદો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
સળંગ ૨૧ મહિના સુધી કોરોનાના કારણે ધો.૧ થી ૫ નું ઓફલાઈન શિક્ષણ બંધ હતું જેથી મોટાભાગના બાળકો મોબાઈલના રવાડે ચઢી ગયા, લખવાનું બધું ભૂલી ગયા અને શાળાઓ ખુલ્યા પછી એકમ કસોટી શરુ થ ઈ ત્યારે કોરોનાનાં ગંભીર પરિણામો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં જોવા મળી રહ્યા છે. ધો.૭ માં અભ્યાસ કરતા બાળકો પેપર લખતાં રીતસરના રડતા હોવાનું કેટલાક શિક્ષકોએ જણાવ્યું છે. રડવાનું કારણ પૂંછવામાં આવતાં તેઓએ લખતાં ફાવતું નથી, થાક લાગે છે તેવી ફરિયાદો કરી હતી.

ડિસેમ્બર મહિનો હવે વિદાય તરફ આગળ વધશે અને એ સાથે જ વર્ષ-૨૦૨૦ ની જેમ વર્ષ-૨૦૧૧ની અ નેક કાલીમાઓ અને સારી ઘટનાઓ પણ ભૂતકાળ બની જશે. પરંતુ આ બધા વચ્ચે કોરોનાએ ખાસ કરીને પ્રાથમિ ક શિક્ષણને તહસ નહસ કર્યું છે. સળંગ ૨ વર્ષથી વિદ્યાર્થીઓને મારા પ્રમોશન અપાયું જેથી ધો.માં આવેલા મોટ (ભાગના વિદ્યાર્થીઓ નબળા રહ્યાા છે. પાયો કાચો રહેતાં તેમના સારા શિક્ષણ ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ ઉભો થયો છે. રાજ્ય સરકારે હિંમત દાખવી બીજા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભથી ધો.૧ થી ૫ નું ઓફ લાઈન શિક્ષણ શરુ કર્યું. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની સરકારી અને ખાનગી શાળાઓમાં પાંખી હાજરી વચ્ચે ધો.૧ થી ૫ ના ઓફલાઈન વર્ગો શરુ થયા. ધો.૩ ની એકમ કસોટીનું આયોજન થયું ત્યારે અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓ પેપર લખી શકતા ન હોવાની અતિગંભીર બાબત બહાર આવી છે. સરકારી શાળાના કેટલાક પ્રા.શિક્ષકોએ પોતા નું નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું કે ધો.૧, ૨ ના વિદ્યાર્થીઓ માસ પ્રમોશનનો સતત ૨ વર્ષથી લાભ લી ધો છે એટલે તેમનો પાયો નબળી હોય અને કોરીનાના કારણે શાળાઓમાં તેમના માટે શિક્ષણ કાર્ય બંધ હોવાથી ઘેર જ લખતા વાંચતા હતા અને બાળકો મોટેભાગે ટીવી તેમજ મોબાઈલમાં જ રચ્યા પચ્યા રહેતા હોવાથી તેમનો વાંચન અને લખવાનો મહાવરો સંપૂર્ણ ભૂલાઈ ગયો છે. ૨૧ મહિના પછી શાળામાં એકમ કસોટીનું પેપર લખવાનું આવ્યું ત્યારે ધો.૩ ના અનેક બાળકો રડતા જોવા મળ્યા. બાળકોને રડતા જોઈ કેટલાક શિક્ષકોએ આ અંગે પૂછતૈ લખતાં ફાવતું નથી, હાથ દુખે છે તેવી ફરિયાદો સાંભળી શિક્ષકો પણ ચોંકી ઉઠયા છે. રાજ્યના પ્રા.શિક્ષણ વિ ભાગ દ્વારા બાળકોએ ગુમાવી દીધેલી લખાણ શક્તિને ફરીથી જીવંત બનાવવા માટે હવે નવેસરથી લેખન કાર્યક્રમ નું આયોજન કરવું પડશે.

---

# સાબરકાંઠા જિલ્લાના દરેક ગામોમાં દિવ્ય કાશી ભવ્ય કાશી અંતર્ગત ઉજવણી કરાશે

**હિંમતનગરમાં શ્રી સિદ્ધિવિનાયક મંદિર-ઓમકારેશ્વર મહાદેવ મંદિર, હરિઓમ સોસાયટી મહાવીર નગર ખાતે પણ દિવ્ય કાશી ભવ્ય કાશી લાઈવ સ્ક્રીનનું આયોજન કરવામાં આવેલ છે : જિલ્લાના શિવાલયોમાં સફાઈ કરાશે : જિલ્લા ભાજપા દ્વારા તૈયારીઓ**

બાયડ તા.૧૨
વડાપ્રધાન દ્વારા કાશીમાં દિવ્ય કાશી, ભવ્ય કાશી યોજનાનુ લોકાર્પણ કરવામાં આવનાર છે . જે અંતર્ગત સાબરકાંઠામાં પણ ઉજવણી કરવામાં આવનાર છે . જિલ્લામાં દરેક ગામોમાં ઉજવણી કરી સમગ્ર કાર્યક્રમ લાઈવ નિહાળવા આયોજન કરવામાં આવ્યું છે આ દિવસે જિલ્લાના શિવાલયો સહિતના ગામેગામ આવેલા મંદિરોની ભાજપા કાર્યકરો દ્વારા સફાઈ કરવામાં આવશે .

દિવ્ય કાશી , ભવ્ય કાશીના લોકાર્પણ પ્રસંગે સાબરકાંઠામાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે . આ અંગે સાબરકાંઠા જિલ્લા ભાજપા પ્રમુખ જે.ડી. પટેલે જણાવ્યુ હતુ કે , વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ડિસેમ્બરના રોજ કાશીમાં લોકાર્પણ કાર્યક્રમ યોજનાર છે . ત્યારે સાબરકાંઠાના દરેક ગામોમાં પણ ઉજવણી કરવામાં આવશે . દરેક ગામોના શિવાલયો , મંદિરો તેમજ ગામના જાહેર સ્થળોએ લોકો સ્ક્રીન ઉપર ઉજવણીનો કાર્યક્રમ જોઈ શકે તે પ્રકારનુ આયોજન કરવામાં આવ્યુ છે . જિલ્લાના શહેરી વિસ્તારોમાં વોર્ડ સભ્યો કાર્યકરો અને મોરચાના સભ્યો આ કાર્યક્રમની ઉજવણી કરશે . યુવા મોરચા દ્વારા બાઈક રેલીનું અને મહિલા મોરચા દ્વારા કળશ યાત્રાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે ઉજવણીની તૈયારી માટે ભાજપાના આગેવાનો દ્વારા બેઠકો કરવામાં આવી હતી. જિલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, કનુભાઈ પટેલ સહિતના આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા અને ભવ્ય ઉજવણીની તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે .

---

# સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર ખાતે ઈન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

બાયડ તા.૧૨
સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર, જિ.સાબરકાંઠાના યજમાનપદે તા.૩૦/૧૧/૨૧ ના મંગળવારના રોજ ઈન્ટર ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ફિટ ઈન્ડિયા પ્રકલ્પ તેમજ કૉલેજમાં કાર્યરત પ્રકલ્પ સપ્તધારાના ખેલકુદ વ્યાયામ યોગધારા હેઠળ આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં સરકારી વિનયન અને વાણિજય કૉલેજ(જાદર), સરકારી વિનયન અને વાણિજય કૉલેજ(ગાંભોઈ), સરકારી વિનયન અને વાણિજય કૉલેજ(કડોલી), સરકારી



વાણિજય કૉલેજ(વડાલી), શેઠ બી.જે.હાઈસ્કૂલ(જાદર), અરોડા હાઈસ્કૂલ(અરોડા) એમ કુલ છ ટીમોના કુલ ૭૮ વિદ્યાર્થીઓ સ્પર્ધક ખેલાડી તરીકે સહભાગી બન્યા હતા. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં વિજેતા ટીમ તરીકે સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર રહીને ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી. રનર્સ અપ તરીકે સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, કડોલી રહીને ટ્રોફી મેળવી હતી. જ્યારે ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ તરીકે સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદરના ખેલાડી હિશામ ડોડીયા (સેમ - ૩)બનીને ટ્રોફી મેળવી હતી. બાકીની અન્ય ટીમોને પણ આયોજક કૉલેજ દ્વારા શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. જાદર કૉલેજના સ્ટાફ દ્વારા ટુર્નામેન્ટની દરેક મેચમાં રોકડ પુરસ્કાર જાહેર કરીને સ્પર્ધક ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત આ ટુર્નામેન્ટમાં પ્રેક્ષકો, ગ્રામજનો અને અન્ય દાતાઓ તરફથી પ્રોત્સાહિત ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટ જાદર કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી.પટેલના માર્ગદર્શનમાં આઝાદી કા અમૃત મહોત્સવ સમિતિના કૉ-ઓર્ડીનેટર ડૉ. આર.જી. મેઘનાથી અને ખેલકુદ વ્યાયામ યોગધારાના સંયોજક પ્રા.ભાવેશ પ્રજાપતિ તેમજ ડૉ. એ.એ.શેખ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા જાદર કૉલેજના સ્ટાફ પરિવારે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

---

ઓમિક્રોનના ભય વચ્ચે વિદેશથી આવવાનો સિલસિલો

# અરવલ્લીમાં ૧૫ દિવસમાં ૫૪ મુસાફરો વિદેશથી આવ્યા

## ૧૨ મુસાફરો હાઈરીસ્ક દેશમાંથી પરત આવતાં આરોગ્ય તંત્ર સતર્ક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
ઓમિક્રોન વેરીયેન્ટની દહેશતથી સરકાર અને આરોગ્ય વિભાગ ચિંતિત બન્યો છે. વિદેશથી આવતા મુસાફરો ઉપર ખા સ નજર રાખવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં વિદેશથી ૫૪ મુસાફરો આવ્યા છે જેમાં ૧૨ મુસાફ રો હાઈરીસ્ક દેશમાંથી આવ્યા હોવાના કારણે આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. તમામ મુસાફરોને વિભાગ દ્વારા ફરજીયાત ક્વોરન્ટંઈન રહેવાની સૂચના આપવાની સાથે વિભાગ દ્વારા પોલીસને વિદેશથી આવેલા મુસાફરોના સરનામા અને સંપર્ક નંબર આપી ક્વોરન્ટાઈન દરમ્યાન ઘરની બહાર ન નિકળે તે જોવા વ્યવસ્થા ગોઠવી છે.

### ક્વોરન્ટાઈનનો ભંગ ન થાય તે જોવા સૂચના અપાઈ છે - આરોગ્ય અધિકારી

અરવલ્લી જિલ્લામાં મિક્રોનના ખતરા સામેની તૈયારીઓ વચ્ચે હાઈરીસ્ક દેશમાંથી આવતા મુસાફરોની સંખ્યા વધી છે છે. જિલ્લા ડી.એમ.ઓ. ડ.પ્રવિણ ડામોરે જણાવ્યું કે વિદેશથી આવનારા તમામ મુસાફરોને ફરજીયાત હોમસ્ક્વોરન્ટાઈન કરી દેવા યા છે. જ્યારે હાઈરીસ્ક દેશમાંથી આવેલા મુસાફરો ઉપર વોચ ગોઠવી નિયમોનો ભંગ ન થાય તે માટે ગ્રામ્ય વિસ્તારમાં તલાટી અને શહેરી વિસ્તારમાં પાલિકા તંત્રને ખાસ સૂચના આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે ઓમિક્રોનના વેરીયેન્ટથી સંક્રમિત દેશોને હાઈરીસ્કની યાદીમાં મૂક્યા છે. જેના કારણે ત્યાંથી આવતા પ્રવાસ ઓને કોરોનાના સંક્રમણનું જોખમ વધુ રહેતું હોવાથી વિદેશથી પરત ફરતા મુસાફરો ઉપર ખાસ નજર ટેકવવામાં આવી છે. ફરજીયાત ક્વોરન્ટાઈન રહેવાની સાથે એરપોર્ટ ઉપર ઉતરતાં જ તેમના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ટેસ ટ નેગેટીવ હોય તો પણ ક્વોરન્ટાઈન રહેવાનું ફરજીયાત બનાવાયું છે. અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, માલપુર, ધનસુરા , મેઘરજ, ભિલોડા સહિતના વિસ્તારોમાં અત્યાર સુધીમાં કુલ-૫૪ પ્રવાસીઓ વિદેશથી આવતાં આરોગ્ય વિભાગ દ્વારા તેમના ફરીથી ટેસ્ટ કરાવવામાં આવ્યા છે. ખાસ કરીને હાઈરીસ્ક દેશમાંથી આવેલા મુસાફરો ઉપર વિભાગે વધુ નજર ગોઠવી છે. હાઈ રીસ્ક દેશમાંથી આવેલા એકપણ મુસાફરનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો ન હોવાથી તંત્રએ હાશ જરૂર અનુભવી છે પરંતુ ત મામને ક્વોરન્ટાઈન રહેવાની સૂચના આપી આવ્યાના ૪ દિવસ અને તે પછીના ૮ દિવસ બાદ ફરીથી ટેસ્ટ કરવાની વ્યવસ્થા ગ ઠવી છે.

---

બહુમાળી ભવનનો ''ધવલ'' ઠંડો ગાર

# જિલ્લામાં સવારથી સાંજ ઉઘરાણુ કરવા નિકળતો ધવલ મીંદડી બન્યો

બાયડ, તા. ૧૧
જિલ્લાના બહુમાળીભવનનો ધવલ ઠંડોગાર થયો છે. સવારથી સાંજ ઉઘરાણું કરવા નિકળતા ધવલની હવા નિકળી ગઈ કે પછી તેને સ્ટેટેચી બદલી છે તેવા સવાલની હારમાળા ઉભી થઈ છે.

જિલ્લામાં દર વર્ષે ૧૦ થી ૧૨ લાખનો દંડ ભરતા મોડાસાના ૨ વાહન માલિકોના છેલ્લા ૧ વર્ષથી વાહન નહી પકડી ધવલે મોટાપાયે સેટીંગ કરવાની સાથે સરકારમાં બતાવવાની કામગીરીનો તેમને કોન્ટ્રાક્ટ આપ્યાની ગરમાગરમ ચર્ચા છે. આમ તો ધવલ તેના ઉચ્ચ અધિકારીઓને વર્ષથી ડફોળ સમજે છે તે પરંપરા હજુ ચાલુ છે. કાનાફૂસી તો એવી છે કે તેના ઉચ્ચ અધિકારીએ તેને દરરોજ ૫ વાહન પકડી આપવા પછી તારે જે કરવું હોય તે કરજે..!! તેવો છૂટો દોર આપ્યો છે પરંતુ જમાનાના ખાઈ બદેલા ધવલે મુંબઈની જેમ લવાશા સીટી ઉભી કરવા તમામ માલેતુજારોના ઔદ્યોગિક એકમમાં પહોચી જઈ ખંખેરવાની તમામ હદ વટાવી છે પરંતુ તેના કરતૂતોના પર્દાફાસ પછી આકાઓએ હમણાં સાવધાની રાખવી તેવી શિખામણ આપતાં હાલ સુધર્યો હોય તેમ ઠંડોગાર દેખાય છે. પરંતુ તેને નજીકથી ઓળખનારા કહે છે કે બહુમાળી ભવનમાં ધવલ સૌથી વધુ ભ્રષ્ટાચાર આદરનારો એક માત્ર ખેલાડી છે. તે સાંજે ઘરે જાય ત્યારે તેના વાહનમાં રૂ. ૧ થી દોઢ લાખની રકમ હોય છે. તેના ઉપરથી જ મહીનાના ૪ રવિવાર, શનિવાર બાદ કરવામાં આવે તો પણ તેની અધધ આવક જોઈ ગણિત માડંનારાઓની આંખો અકરવકર થઈ રહી છે.

---

ઉત્તાર ગુજરાતમાં ઓમિક્રોનનો ખોફ દેખાયો

# તળીયે ગયેલા માસ્ક, સેનેટાઈઝરના વેચાણમાં ઓચિંતો વધારો...!

## એક સપ્તાહમાં ૩ લાખથી વધુ માસ્કનું વેચાણ..!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
ઉત્તર ગુજરાતમાં નવા ઓમિક્રોન વેરીયેન્ટની ચિંતા સાથે કોરોનાના નવા કેસમાં પણ વધારો થતાં હવે ફરીથી પ્રજામાં વાયરસનો ખોફ



દેખાયો છે. અગાઉની કોરોનાની મહામારીના કારણે પ્રજા જનો હવે ફરીથી સચેત બનતાં પ જિલ્લામાં ઘણા સમયથી તળીયે ગયેલા માસ્ક અને સેનેટાઈઝરના વે ચાણમાં ઓચિંતો વધારો થયો છે. એક અંદાજ અનુસાર ઓમિક્રોન વાયરસે ગુજરાતમાં એન્ટ્રી કરતાં ૩ લાખથી વધુ માસ્કનું વેચાણ થવાની સાથે સેનેટાઈઝરની ખરીદી પણ ઉત્તારોનાર વધી રહ્યાનું મેડીક લ સૂત્રો જણાવી રહ્યા છે. કોરોનાની બીજી લહેરમાં ઉત્તર ગુજરાતમાં હાહાકાર મચ્યો હતો. લોકોના ટપોટપ મોત થવા ની સાથે હોસ્પિટલોમાં સં ક્રમિત દર્દીઓને સારવાર માટે દાખલ કરવા માટે પણ પરિવારજનોને અહીં તહીં ભટકવાનો વારો આવ્યો હતો. ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સના નિયમો કડકાઈથી અમલમા મૂકાતાં અસંખ્ય લોકોના જીવ કોરોનાએ છીનવી લીધા પછી માંડ સંક્રમણ કાબુમાં આવ્યું. ઉત્તર ગુજરાતમાં કોરોનાના નવા કેસ વધવાની સાથે મિક્રોનના સંભવિત ભય સામે આરોગ્ય તંત્ર ચોકનું બની ગયું છે. ઓમિક્રોનને રોકવા માટે માસ્કની સાથે સેનેટાઈઝર હાથ વગું શસ્ત્ર હોવાથી હવે પોલી સ પણ ફરજીયાત માસ્ક સામે મેદાનમાં આવ્યું છે જેના કારણે ઘણા લાંબા સમયથી માસ્કના વેચાણમાં ધરખમ ઘટાડો નોંધાયા બાદ છેલ્લા એક સપ્તાહથી વેચાણમાં જબરો ઉછાળો આવ્યો છે. ઓમિકોન ના ખોફના કારણે ડિસ્પોઝેબલ તેમજ એન.૯૫ માસ્કની ખરીદી એકાએક વધી છે. ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ઓમિક્રોનનો કોઈ કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયો નથી છતાં પ્રજા અગાઉ કરતાં વધુ સતર્ક બની છે જેના કારણે માસ્ક સાથે સેનેટાઈઝરનું વેચાણ પણ વધી ગયું છે.